*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. [redacted]

# 10 (G)

**(MAY, 2021)**

---

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**<u>સૂચનાઓ :</u>**

1) **સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.**
2) **આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 52 પ્રશ્નો છે.**
3) **બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.**
4) **પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.**
5) **સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.**
6) **નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.**
7) **વિભાગ - D માં પ્રશ્ન નં. 52 નકશાપૂર્તિ ફરજિયાત છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.**

---

## <u>વિભાગ – A</u>

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[24]**

- **યોગ્ય જોડકાં જોડો.** **[5]**

| (A) | (B) |
|---|---|
| 1) દ્વારકાધીશ મંદિર | (A) દિલ્લી |
| 2) જડત્તર કામ | (B) જૂનાગઢ |
| 3) જરીકામ | (C) દ્વારકા |
| 4) લાલ કિલ્લો | (D) બિકાનેર |
| 5) અડીકડી ની વાવ | (E) સુરત |
| | (F) પાટણ |

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

6) કાળી જમીનમાં જ્યારે ભેજ સુકાય ત્યારે તેમાં ફાટો કે તિરાડો પડી જાય છે. [1]

7) વિજયનગરનો મહાન સમ્રાટ કૃષ્ણદેવરાય હિન્દી અને સંસ્કૃતના લેખક હતા. [1]

8) જે ઉદ્યોગોમાં કાચા માલ તરીકે ખનીજો વપરાય છે તેને ખનીજ આધારિત ઉદ્યોગ કહે છે. [1]

9) ભારતમાં બેરોજગારીની સમસ્યા વધુ ઘેરી બનવા પાછળ મુખ્ય જવાબદાર કારણોમાં વસ્તી વધારો નથી. [1]

10) મહિલાઓને માત્ર એક જ કૉલથી મદદ મળી રહે તે માટે ૧૦૮ અભયમ્ મહિલા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. [1]

- **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ લખો.**

11) સંસ્કૃત ભાષાના મહાન વ્યાકરણ શાસ્ત્રી કોણ હતા? [1]

12) જમીનનું ધોવાણ એટલે શું? [1]

13) ભારતમાં રણ પ્રકારની જમીન કયાં વિસ્તારોમાં જોવા મળે છે? [1]

14) જાહેર વિતરણ પ્રણાલી (PDS) ભારતમાં કઈ સાલથી અમલમાં આવી હતી? [1]

- **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

15) ............... ભાષાને 'આર્ય ભાષા' કે 'ઋષિઓની ભાષા' કે 'વિદ્વાનોની ભાષા' કહે છે. [1]
(લેટીન, પ્રાકૃત, સંસ્કૃત)

16) નાલંદામાંથી મળી આવેલ ભગવાન બુધ્ધની મૂર્તિ ................ ફૂટ ઊંચી છે. [1]
(24, 18, 7½)

**17)** શાકાહારી લોકો માટે ............. એ પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત છે. **[1]**

(કઠોળ, તેલીબિયાં, પીણા)

**18)** નોબેલ પારિતોષિક વિજેતા ભારતીય મૂળના અર્થશાસ્ત્રી ............ એ માનવ વિકાસ આંકની વિભાવના કરી. **[1]**

(રાલ્ફ નાડર, અમર્ત્ય સેન, ડૉ. અબ્દુલ કલામ)

**19)** ................. આંદોલન ભારતમાં સૌ પ્રથમ ઈ.સ. 1967 માં પશ્ચિમ બંગાળમાં શરૂ થયું. **[1]**

(ગ્રાહક સુરક્ષા, નક્સલવાદ, ઉલ્ફા)

- **નીચેના પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

**20)** નીચેના કોષ્ટકમાં ગુજરાતના મુખ્ય મેળાઓની વિગત આપેલ છે. જે માંથી હોળી આસપાસ (ફાગણ માસ) માં ભરાતા મેળાઓને ઓળખી બતાવો. **[1]**

| ક્રમ | મેળાનુ નામ | મેળાનુ સ્થળ |
|---|---|---|
| 1) | તરણેતરનો મેળો | તરણેતર (સુરેન્દ્રનગર) |
| 2) | ભડીયાદનો મેળો | ભડીયાદ (અમદાવાદ) |
| 3) | નકળંગનો મેળો | ભાવનગર |
| 4) | માધવપુરનો મેળો | માધવપુર (પોરબંદર) |
| 5) | વૌઠાનો મેળો | ધોળકા (અમદાવાદ) |
| 6) | મીરાદાતારનો મેળો | ઉનાવા (ઉંઝા) |
| 7) | ડાંગ દરબારનો મેળો | આહવા (ડાંગ) |
| 8) | ગોળ ગધેડાનો મેળો | ગરબાડા (દાહોદ) |
| 9) | કાર્તિકી પૂર્ણિમાનો મેળો | સોમનાથ (ગીર) |
| 10) | ભાંગુરિયાનો મેળો | છોટા ઉદેપુર અને ક્વાંટ |

(A) ભડીયાદનો મેળો, વૌઠાનો મેળો, માધવપુરનો મેળો.

(B) ગોળ ગધેડાનો મેળો, કાર્તિકી પૂર્ણિમાનો મેળો, ભાંગુરિયાનો મેળો.

(C) તરણેતરનો મેળો, નકળંગનો મેળો, મીરા દાતારનો મેળો.

(D) વૌઠાનો મેળો, માધવપુરનો મેળો, નકળંગનો મેળો.

21) નીચે આપેલ શિલ્પનું ચિત્ર કઈ ગુફામાં આવેલ છે. [1]



(A) અંજતાની ગુફા

(B) ઈલોરાની ગુફા

(C) એલિફન્ટાની ગુફા

(D) ઢાંકની ગુફા

22) કપાસ, શેરડી, શણ, તમાકું અને રબર કયાં પ્રકારના પાકો છે. [1]

(A) તેલીબિયાંના પાક

(B) પીણાના પાક

(C) રોકડીયા પાક

(D) ઔષધીય અને મસાલા પાક

23) નીચે આપેલ ભારતના નકશામાં ઉદ્યોગના મુખ્ય કેન્દ્રો દર્શાવેલ છે. તે કયા ઉદ્યોગના છે તે જણાવો ?[1]




(A) સુતરાઉ કાપડ ઉદ્યોગ
(B) શણના કાપડનો ઉદ્યોગ
(C) ખાંડ ઉદ્યોગ
(D) લોખંડ-પોલાદ ઉદ્યોગ

24) કેટલાંક ગણ્યા ગાંઠયા લોકો દ્વારા સંગઠિત, આયોજિત અને જાણી જોઈને કરવામાં આવતું અનૈતિક અને હિંસાત્મક કૃત્ય એટલે શું? [1]

(A) દાણ ચોરી
(B) આંતકવાદ
(C) કાળા બજાર
(D) સટ્ટાખોરી

## વિભાગ – B

- **નીચે આપેલા કુલ 12 પ્રશ્નોમાંથી કોઈ પણ 9 પ્રશ્નોના જવાબ 30 થી 40 શબ્દોમાં લખો. (દરેકના 2 ગુણ)** [18]

25) આપણા સાંસ્કૃતિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે? [2]

26) નીચે આપેલા ઐતિહાસીક સ્થળો વિશે માહિતી આપો. [2]

(A) અમદાવાદ (B) જૂનાગઢ

27) વલભી વિદ્યાપીઠ વિશે માહિતી આપો. [2]

28) વેદો કેટલા છે? કયાં કયાં? [2]

29) જમીનના પ્રકારો કેટલા છે? કયાં કયાં? [2]

30) ભારતમાંથી લુપ્ત થઈ રહેલ વન્યજીવો વિશે માહિતી આપો. [2]

31) નીચે આપેલ પરિસ્થિતિ જન્ય પ્રશ્નોના જવાબ વિચારીને લખો. [2]

મુખ્ય જળસ્ત્રોતમાં ભૂમિગત જળનું સ્થાન પણ અગત્યનું છે. પૃષ્ઠિય જળના અવશોષણથી ભૂમિગત જળ પ્રાપ્ત થાય છે. ભૂમિગત જળનો જથ્થો અમર્યાદિત છે. ભારતમાં ઉત્તર મેદાની વિસ્તારમાં 42% ભૂમિગત જળ મળે છે. દક્ષિણ ભારતમાં ઉચ્ચપ્રદેશ અને પર્વતીય વિસ્તારોને કારણે ભૂમિગત જળનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ભૂમિગત જળનો સૌથી વધું ઉપયોગ સિંચાઈ માટે થાય છે.

<u>પ્રશ્નો:</u>

1) કેરલ અને તમિલનાડુના ખેડૂતો નહેર દ્વારા સિંચાઈ શા માટે કરે છે?
2) ઉત્તર ભારતના ખેડૂતો સિંચાઈ માટે ભૂમિગત જળનો શા માટે વધુ ઉપયોગ કરે છે?

32) કૃષિ આધારિત ઉદ્યોગો અને ખનીજ આધારિત ઉદ્યોગોના નામ આપો. [2]

33) સિમેન્ટ ઉદ્યોગ વિશે ટૂંકમાં માહિતી આપો. [2]

34) વહીવટી દષ્ટિએ જંગલોના પ્રકાર જણાવો? [2]

35) ગરીબી રેખા હેઠળ જીવતા લોકોના લક્ષણો જણાવો. [2]

36) MPO, FPO, ECO અને ISI માર્કાઓ વિશે જણાવો. [2]

## વિભાગ – C

- **નીચે આપેલા કુલ 9 પ્રશ્નોમાંથી કોઈ પણ 6 પ્રશ્નોના મુદ્દાસર 60 શબ્દોમાં જવાબ લખો. (દરેકના 3 ગુણ)** **[18]**

**37)** ગુજરાતના ગરબા, ગરબી અને રાસ વિશે માહિતી આપો. **[3]**

**38)** નીચે આપેલા સ્ત્રોતો વાંચો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો. **[3]**

સહ્યાદ્રિ પર્વતમાળાને કોરીને ઘોડાની નાળ આકારે અહીં કુલ 29 ગુફાઓ આવેલી છે. અહીંની ગુફાઓને બે ભાગમાં વહેંચી શકાય (1) ચિત્રકલા આધારિત ગુફાઓ અને (2) શિલ્પકલા આધારિત ગુફાઓ. ભીંતચિત્રો આધારિત ગુફાઓ પૈકી 1, 2, 10, 16 અને 17 નંબરની ગુફાઓના ભીંતચિત્રો અજોડ અને ઉચ્ચકક્ષાનાં છે. આ ચિત્રોનો મુખ્ય વિષય બોદ્ધ ધર્મ છે. આ ગુફાઓના બે પ્રકાર પાડી શકાય- ચૈત્ય અને વિહાર 9, 10, 19, 26 અને 29 નંબરની ગુફાઓ ચૈત્ય છે. જ્યારે બાકીની ગુફાઓ વિહારો છે. આ ગુફાઓ એક સમયે વિસરાઈ ગઈ હતી. આ ગુફાઓ પ્રારંભિક બોદ્ધ વાસ્તુકલા, ગુફા ચિત્રો અને શિલ્પકલાનાં ઉત્કૃષ્ટ ઉદાહરણોમાં સ્થાન પામે છે. તેની અનોખી કલા સમૃધ્ધિના કારણે માત્ર ભારતમાં જ નહિ પણ વિશ્વભરમાં પ્રસિધ્ધ છે. ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્ય કલાના અપૂર્વ સુમેળરૂપ આ ગુફાઓમાં થયેલ કલા સર્જન ભારતીય કલાને વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે.

1) અહિં ભારતના સાંસ્કૃતિક વારસાના ક્યાં સ્થળ વિશે માહિતી આપવામાં આવી છે?
2) આ ગુફાઓમાં વિહારોની સંખ્યા કેટલી છે?
3) આ સ્થાપત્યને વિશ્વ વારસાના સ્થળોની યાદીમાં શા માટે સમાવેશ કરવામાં આવેલ છે?

**39)** તાજમહેલ – ટૂંકનોંધ લખો. **[3]**

**40)** બહુહેતુક યોજના એટલે શું? તેનું મહત્ત્વ જણાવો. **[3]**

**41)** બેરોજગારીના મુખ્ય પ્રકારો જણાવી કોઈ પણ ત્રણ વિશે ટૂંકમાં માહિતી આપો. **[3]**

**42)** ગરીબી ઉદ્ભવવાના કારણો જણાવો. **[3]**

**43)** ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મુકેલ છે? તે જણાવો. **[3]**

**44)** ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી વર્ણવો. **[3]**

**45)** નીચેના વન્યજીવોનો પરિચય આપો. **[3]**

1) લાલ પાંડા.
2) જળચર ગંગેય ડોલ્ફિન.
3) એક શિંગી ભારતીય ગેંડો.

## વિભાગ - D

- **નીચે આપેલા 46 થી 51 પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના જવાબ 100 શબ્દોમાં આપો અને પ્રશ્ન 52 નકશો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ)** [20]

46) વાસ્તુશાસ્ત્ર-સવિસ્તાર જવાબ આપો. [4]

47) વૈદિકવિદ્યા અને શૈલ્ય ચિકિત્સામાં પ્રાચીન ભારતનું મહત્ત્વ જણાવો. [4]

48) ભારતમાં કૃષિ ક્ષેત્રે થયેલા સંસ્થાનગત સુધારા જણાવો. [4]

49) ઘઉંના પાકને અનુકૂળ સંજોગો વર્ણવી ઉત્પાદન કરતા રાજયો જણાવો. [4]

50) ભાવ વૃધ્ધિના કારણો વિશે વિસ્તાર પૂર્વક માહિતી આપો. [4]

51) તફાવત આપો. [4]

આંતકવાદ અને બળવાખોરી

52) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલ નકશામાં યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો. [4]

1) કાંપની જમીન
2) ગીર રાષ્ટ્રીય ઉધાન
3) ચા ઉત્પાદન કરતો પ્રદેશ
4) સુતરાઉ કાપડ ઉદ્યોગ-નામ સાથે

**<u>દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે</u> - નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1) કાંપની જમીન ક્યાં રાજ્યમાં આવેલી છે?
2) ગીર રાષ્ટ્રીય ઉધાન ક્યાં રાજ્યમાં આવેલું છે?
3) ચા ઉત્પાદન કરતું મુખ્ય રાજ્ય જણાવો?
4) સુતરાઉ કાપડ ઉદ્યોગના મુખ્ય કેન્દ્રનું નામ લખો.

♦♦♦♦